## કપાસમાં તેજીનો પરપોટો ફૂટ્યા પછી ગુજરાતમાં

# ખેડૂતો મગફળી તરફ વળ્યા : વાવેતરમાં ૧.૩૯ લાખ હેક્ટર જેટલો વધારો



## રાજ્યમાં ખેતીની આ મુખ્ય સીઝનમાં સરેરાશ ૮૬ લાખ હેક્ટરમાં વાવેતર થતું હોય છે, અત્યાર સુધીમાં ૫૪.૩૧ લાખ હેક્ટરમાં ૨૦ પાકોનું વાવેતર થયું

રાજકોટ,સોમવાર

ગુજરાતમાં વર્ષ દરમિયાન કપાસના ભાવ કે જે અગાઉ રેકોર્ડબ્રેક ઉંચાઈએ પહોંચ્યા હતા તેની તેજીનો પરપોટો ફૂટ્યો અને ભાવ નોર્મલી પ્રતિ મણ રૂ.૧૫૦૦થી ૧૬૦૦ના હાલ ચાલી રહ્યા છે ત્યારે મગફળીના ભાવ એકંદરે જળવાઈ રહ્યા હોય રાજ્યના ખેડૂતો મગફળી તરફ વળ્યા છે. ગત નાણાકીય વર્ષ ઈ.સ.૨૦૨૩-૨૪ના રાજ્યમાં ૪૬.૪૨ લાખ ટન મગફળીનું બમ્પર ઉત્પાદન થયું હતું અને આ વર્ષે હજુ સીઝન તો બાકી છે ત્યાં એક માસમાં મગફળીનું વાવેતર ગત વર્ષના કૂલ ૧૬.૯૪ લાખથી વધીને ૧૭.૨૩ લાખે પહોંચી ગયું છે. મગફળી મુખ્યત્વે ચોમાસામાં અને ત્યારબાદ ઉનાળામાં પણ વવાતી હોય છે. ગત વર્ષે ઈ.૨૦૨૩-૨૪માં ગુજરાતમાં ૪૬.૪૨ લાખ ટનનું મબલખ ઉત્પાદન નોંધાયું હતું.

રાજ્યમાં ખેતી ચોમાસા આધારિત હોય કૃષિ માટે હાલ ખરીફ ઋતુ એ મુખ્ય સીઝન છે જેમાં કૂલ આશરે ૮૬ લાખ હેક્ટર જમીનને ખેડીને વિવિધ ૨૦ જેટલા પાકોના બીજ રોપાતા હોય છે અને વરસાદ સારો થાય તો બમ્પર પાક થતો રહ્યો છે. આ વર્ષે આજે તા.૧૫ જૂલાઈ સુધીમાં સત્તાવાર અહેવાલ મૂજબ કૂલ ૫૪,૩૦,૯૫૬ હેક્ટરમાં એટલે કે નોર્મલ સરેરાશના ૬૩.૪૫ ટકા વાવણી થઈ છે અને આશરે ૪૦ ટકા વાવણી હજુ બાકી છે ત્યાં જ મગફળીનું વાવેતર ગત વર્ષે આજની તારીખે ૧૫.૮૪ લાખ હેક્ટર હતું તે આ વર્ષે ૧.૩૮ લાખ વધીને ૧૭,૨૨,૭૫૬ હેક્ટરમાં થયું છે.

જો કે કપાસના ભાવ એક વર્ષ પહેલા આસમાને પહોંચતા તેનું ઈ.૨૦૨૩-૨૪ દરમિયાન ૨૬.૮૩ લાખ હેક્ટરમાં વાવેતર થયું હતું અને ૯૯.૯૧ લાખ ગાંસડીનું બમ્પર ઉત્પાદન થયું હતું. પરંતુ, આ વર્ષે કપાસની તેજીનો પરપોટો ફૂટ્યો હતો અને ભાવ સામાન્ય પ્રતિ મણ રૂા.૧૫૦૦થી ૧૬૦૦ વચ્ચે જળવાયા છે. આ સ્થિતિમાં આ વર્ષે કપાસનું વાવેતર ખેડૂતો બહુ વધારવા માંગતા ન હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું

(અનુસંધાન છઠ્ઠા પાને)

### ગુજરાતનું ૬૧.૫૦ ટકા વાવેતર માત્ર સૌરાષ્ટ્રમાં

રાજકોટ,સોમવાર

ખરીફ ઋતુમાં મુખ્ય પાક કપાસ અને મગફળી છે અને તેનું સર્વાધિક ઉત્પાદન સૌરાષ્ટ્રમાં થતુ રહ્યું છે ત્યારે આજ સુધીમાં રાજ્યમાં કૂલ ૫૪.૩૧ લાખ હેક્ટર પૈકી ૩૩.૪૧ લાખ હેક્ટરનું એટલે કે ૬૧.૫૦ ટકા વાવેતર માત્ર સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં થયું છે. સૌરાષ્ટ્રમાં આજ સુધીમાં ૧૪.૦૯ લાખ હે.માં મગફળી અને ૧૫.૧૭ લાખ હે.માં કપાસનું વાવેતર થયું છે.

## હજુ ૪૦ ટકા વાવણી બાકી છે : ૧૭.૨૩ લાખ હેક્ટરમાં વાવણી: ગત વર્ષમાં કૂલ ૧૬.૯૪ લાખ હે. પાક લેવાયો હતો

### મેઘરાજાની મહેર થતા 38.60 ટકા વિસ્તારમાં વાવણીની કામગીરી પૂર્ણ

# રાજકોટ જિલ્લામાં 104502 હેક્ટરમાં સૌથી વધુ મગફળીનું વાવેતર કરાયું

## કપાસનું વાવેતર બીજા ક્રમે રહ્યું, 89467 હેક્ટરમાં વાવેતર કરાયું

એડમિનિસ્ટ્રેશન રિપોર્ટર | રાજકોટ

રાજકોટ જિલ્લામાં દર વર્ષે 532143 હેક્ટરમાં ખરીફ પાકોનું વાવેતર થાય છે અને છેલ્લા 17થી 18 દિવસમાં 38.60 ટકા હેક્ટરમાં વાવેતરની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે.

રાજકોટ જિલ્લામાં ગત શુક્રવાર સુધીમાં 205437 હેક્ટરમાં વાવણીની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. જેમાં સૌથી વધુ મગફળીનું 104502 હેક્ટરમાં અને બીજા ક્રમે કપાસનું વાવેતર 89467 હેક્ટરમાં વાવેતર થયું છે.

ગત વર્ષે કપાસનું વાવેતર વધુ થયું હતું, પરંતુ ગુલાબી ઈયળના ત્રાસથી અને પાછોતરો વરસાદ ખેંચાતા ઉત્પાદન ઓછું આવ્યું હતું. તેથી આ વર્ષે ફરી મગફળીનું વાવેતર વધુ થાય તેવી શક્યતા સેવાઇ રહી છે.

રાજકોટ જિલ્લાના ખેતીવાડી અધિકારી તૃપ્તિબેન પટેલે આપેલી માહિતી અનુસાર બાજરીનું 88, તુવેરનું 78, મગનું 280, અડદનું 195, મગફળીનું 104502, તલનું 274, સોયાબીનનું 2351, કપાસનું 89467, શાકભાજીનું 3569, ઘાસચારાનું 4633 હેક્ટરમાં મળીને કુલ 205437 હેક્ટરમાં વાવેતરની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે.

ગત વર્ષે કપાસમાં અનેક ખેડૂતોને ઉત્પાદન ધારણા કરતા ઓછું આવતા આ વર્ષે અત્યાર સુધી મગફળીનું વાવેતર વધુ થયું છે. જોકે હજુ અનેક વિસ્તારોમાં વાવણીલાયક વરસાદ થયો ન હોવાથી ખેડૂતોએ વાવણી શરૂ કરી નથી અને મેઘરાજા મનમૂકીને વરસે તેની રાહ ધરતીપુત્રો જોઇ રહ્યા છે.

### 15 દિવસમાં 183798 હેક્ટરમાં વાવેતર થયું

રાજકોટ જિલ્લામાં ગત 13મી સુધીમાં માત્ર 21639 હેક્ટરમાં વાવણી થઇ હતી અને તેમાં ખાસ કરીને મગફળી, કપાસ, શાકભાજી અને ઘાસચારાનો સમાવેશ થાય છે. જ્યારે છેલ્લા 15 દિવસમાં બાજરી, તુવેર, અડદ, મગ, તલ, સોયાબીન સહિતની જણસોનું વાવેતર પણ થયું છે.

દિવ્ય ભાસ્કર ૨ જુલા

## જૂનાગઢ જિલ્લામાં ૧.૬૬ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર

# ખરીફ વાવેતરમાં મગફળી જ મોખરે, બીજા ક્રમે કપાસના બદલે સોયાબીન

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જિલ્લામાં વરસાદના પ્રથમ રાઉન્ડમાં શ્રીકાર વરસાદ વરસી જતા ખેડૂતોએ વાવેતર આગળ ધપાવ્યું છે. જિલ્લામાં જૂન માસના પ્રથમ સપ્તાહ સુધીમાં શહેર સહિત ૯ તાલુકાઓમાં ૨.૬૧ લાખ હેક્ટર વિસ્તારમાં વિવિધ ખરીફ પાકોનું ૭૯ ટકા વાવેતર પૂર્ણ થયું છે. સૌથી વધુ મગફળીનું વાવેતર થયું છે ત્યારબાદ જિલ્લામાં સૌથી વધુ સોયાબીન, કપાસ અને ઘાસચારાનું વાવેતર કરવામાં આવ્યું છે. થયેલ વાવેતર પૈકી મગફળીના વાવેતરમાં કેશોદ, સોયાબીનમાં વિસાવદર અને કપાસમાં માણાવદર અગ્રેસર રહ્યું છે.

# કુલ ૩.૨૯ લાખમાંથી ૨.૬૧ લાખ હેક્ટરમાં વાવેતર પૂર્ણ, નવ તાલુકામાં સરેરાશ ૭૯ ટકા વિસ્તારમાં થઈ ગઈ વાવણી

જૂનાગઢ જિલ્લામાં વરસાદના આગમન બાદ ખેડૂતોએ વાવણીના કાર્યના શ્રી ગણેશ કર્યા હતા. તમામ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યા બાદ ખરીફ પાકોનું પૂરજોશમાં વાવેતર થયું છે. દોઢ સપ્તાહમાં જ વાવેતરમાં ૭૦ ટકાનો વધારો થયો હતો. જિલ્લામાં સૌથી વધુ ૧.૬૬ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર થયું છે. મગફળી બાદ સૌથી વધુ સોયાબીનનું ૩૬૩૮૨ હેક્ટરમાં વાવેતર પૂર્ણ થયું છે. કપાસનું ૨૭૮૧૩ હેક્ટર, ઘાસચારાનું ૬૨૩૦, ઘાસચારાનું ૩૭૧૨, અડદ ૩૧૦, મગ ૮૫ મળી જિલ્લામાં કુલ ૨.૬૧ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતરનું કાર્ય પૂર્ણ થયું છે. મગફળીના વાવેતરમાં કેશોદમાં ૩૫,૫૦૦, જ્યારે ૧૪૩૭૦ હેક્ટર વિસ્તારમાં સોયાબીનના વાવેતરમાં વિસાવદર પંથક મોખરે રહ્યો છે. જિલ્લામાં સરેરાશ ૩.૨૯લાખ હેક્ટર વિસ્તારમાં વાવણીનું કાર્ય કરવામાં આવે છે. જે પૈકી તમામ તાલુકાઓમાં સારો વરસાદ વરસતા એક માસની અંદર જ જિલ્લામાં ૭૯ ટકા વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર પૂર્ણ થયું છે.

## સૌથી વધુ વાવેતર વિસાવદર તાલુકામાં

જિલ્લાના નવ તાલુકાઓમાં સૌથી વધુ વિસાવદર તાલુકામાં ખરીફ પાકનું વાવેતર થયું છે. વિસાવદર તાલુકામાં ૫૦૬૫૨ હેક્ટર પૈકી ૪૨૪૦૫ વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું છે.


## જિલ્લામાં માંગરોળ પંથકમાં ૮૭ ટકા વાવેતર પૂર્ણ

જૂનાગઢ જિલ્લાના નવ તાલુકાઓ પૈકી માંગરોળ તાલુકામાં ૪૮૧૩૦ હેક્ટર પૈકી ૪૦૧૮૫ વિસ્તારમાં વાવેતરનું કામ પૂર્ણ થતા જિલ્લામાં માંગરોળ ખરીફ પાકના વાવેતરમાં અગ્રેસર રહ્યું છે.

## માણાવદરમાં ૫૦ ટકા કપાસનું વાવેતર

કપાસનું માનચેસ્ટર ગણાતા માણાવદર તાલુકામાં થયેલ કુલ વાવેતરમાંથી ૫૦ ટકા વાવેતર કપાસનું થયું છે. પંથકમાં ૨૭૯૧૩ હેક્ટર પૈકી થયેલ ૧૪૩૦૦ વિસ્તારમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે.


Sterling HOSPITALS
Rajkot



મગજ અને કરોડરજ્જુ ની સર્જરીના
નિષ્ણાંત ડોક્ટર દ્વારા ખાસ ઓપીડી
આપના શહેર વેરાવળમાં અને જૂનાગઢમાં